જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૦/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયા:– **સમાચાર યાદી નં.૧૪૭૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઇકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૫ લીટર દેશી દારૂ, ૩૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૬૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ અટકાયત:– **સમાચાર યાદી નં.૧૪૭૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપમૃત્યુ:– **સમાચાર યાદી નં.૧૪૭૩/૨૦૨૬**

સાબરમતી: ન્યુ રાણીપ સાઈ ન્ટીસ નામની નવી બનતી સાઈટ ખાતે મજુરી કામ કરતા અને ત્યાં જ રહેતા જીવાભાઈ તારજીભાઈ પારઘી (ઉ.વ.૫૨) (મુળ વતન. ગામ–ખેડાયા તા–સંતરામપુર જી–મહીસાગર) તા.૧૦/૧૦/૨૦૬ રાતના ૦૯/૦૦ વાગ્યાના સુમારે ન્યુ રાણીપ સાઈન્ટીસ નામની નવી બનતી સાઈટ ખાતે પહેલા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૧૦/૨૦૨૬ કલાક ૦૨/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રજનીકાંત શંકરલાલ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુ:– **સમાચાર યાદી નં.૧૪૭૪/૨૦૨૬**

ઘાટલોડીયા: નારણપુરા કર્ણાવતી આશ્રય પ્લેટેનિયાની પાછળ રહેતા જીતેન્દ્રસિંહ કેસરસિંહ રાવત (ઉ.વ.૩૭) (મુળ વતન. ગામ–ગવાર કુલાદ તા–મારવાડ જંકશન જી–પાલી રાજસ્થાન) નાઓ તા.૧૮/૧૦/૨૦૨૬ સવારના ૦૮/૦૦ વાગ્યાના સુમારે મેમનગર એકલવ્ય નામની નવી બનતી સાઈટ ખાતે કડિયા કામ કરતા હતા ત્યારે પ્લગમા વાયર લગાવવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી નારણભાઇ નવઘણભાઇ ચલાવે છે.

આત્મહત્યા:– **સમાચાર યાદી નં.૧૪૭૫/૨૦૨૬**

નારોલ: ધવલ બાબુભાઈ દિવેટિયા (ઉ.વ.૨૬) (રહે. શાલીન હાઇટ્સ–૨ સાંઘાણી પ્લેટિનિયમ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૦/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિક્રમભાઈ અર્જુનભાઈ ચલાવે છે.

વાડજ: નવા વાડજ હરિઓમ એપાર્ટમેન્ટ ખાતે રહેતા સંતોષકુમાર રામબિલાસ પાશવાન (ઉ.વ.૩૧) (મુળ વતન. ગામ–લેદવામાફી હાથા બજાર જી–સિધ્ધાર્થનગર ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૦/૨૦૨૬ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ ચંદુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી